## દુર્જનો દયાપાત્ર છે કે સજાપાત્ર?

દુર્જનને પોતાના મિત્ર જોડે જ્યારે વિરોધ થાય છે ત્યારે તે તેને હદ બહાર જઈને ભાંડવા માંડે છે, અને ત્યારે ખબર પડે છે કે તેના મનમાં કેટલો મોટો અને વર્ષો જૂનો ઉકરડો ભર્યો પડ્યો છે! આજ સુધી તો તે મિત્ર જોડે મિત્રતાનું નાટક જ કરતો રહ્યો. બગભગતની જેમ તેણે બધો કચરો મન-મસ્તકમાં દબાવી જ રાખ્યો અને તકની રાહ જોતો રહ્યો. તક મળતાં જ તે બધી ગંદકી તોપના ગોળાની જેમ બહાર ફેંકવા લાગ્યો. જો તેણે પોતાનું પોત પ્રકાશ્યું ન હોત તો તેનો મિત્ર તો બિચારો અંધારામાં જ રહી જાત ને? દુર્જનોના ચાવવાના અને બતાવવાના દાંત સાવ જુદા જ હોય છે. આવી બધી પરિસ્થિતિ સર્જીને કુદરત સજ્જનોને સાવધાન કરતી હોય છે. કુદરતની કરુણા જોવા માટે પણ ખાસ પ્રકારની સમજણ કેળવવી પડે છે. દયાળુ જનો, દુર્જનો તરફની મમતા પણ છોડી શકતા નથી. પણ કુદરતની કરુણા, દયાળુ જનોની કુપાત્ર તરફની દયાને એક ઝાટકે છિન્નભિન્ન કરીને તેમને બચાવી લે છે.

ગુણગ્રાહક સ્વભાવવાળાનું જીવન વધુ સુખશાંતિવાળું હોય છે. કારણ કે તે ચારે બાજુથી ગુણોનો જ સંગ્રહ કરતો હોય છે. છિદ્રશોધકના જીવનમાં દુઃખ-અશાંતિ વધુ રહે છે. કારણ કે તે ચારેબાજુથી છિદ્રોનો જ સંગ્રહ કરતો હોય છે.

સજ્જન લોકો સૌનું સન્માન કરતા હોય છે, સૌને ખૂબ લાડ-કોડથી રાખતા હોય છે, સૌ જોડે પ્યાર-દુલારભર્યું અને વાત્સલ્યથી ભરપૂર વર્તન કરતા હોય છે. આવો તેમનો સ્વભાવ જ છે, સૌ જોડે આત્મીયતાથી વર્તવામાં તેઓને આનંદ મળતો હોય છે. પણ છીછરા, અહંકારી અને ઈર્ષાળુ લોકો સજ્જનોની સજ્જનતાને પચાવી શકતા નથી. તેઓ તો સજ્જનતાનો સુસ્વાદ ચાખીને ઊલટા ગહેકી-બહેકી જાય છે. કહે છે ને કે સાપને પિવડાવેલું દૂધ પણ ઝેર બની જાય છે. છીછરા લોકોને પાયેલું વાત્સલ્યરૂપી અમૃત પણ ઈર્ષારૂપી ઝેરમાં ફેરવાઈ જાય છે. વાત્સલ્યના અભાવમાં ઝૂરતો દુર્જન મનુષ્ય સજ્જનોના સંપર્કમાં આવીને ખૂબ વાત્સલ્ય પામે છે, પણ બદલામાં તે સજ્જનને બટકું ભરે છે. જેમ શિવથી વરદાન પામેલો ભસ્માસુર, તે વરદાનની કસોટી શિવ પર જ કરવા ધારે છે તેમ.

સજ્જનો પર કોઈ અતિ અલ્પ ઉપકાર કરે છે તોય તેઓ તેને જીવનભર યાદ રાખે છે અને તેનો બદલો અનેક ઘણો વાળી આપવા માટે આતુર હોય છે. જ્યારે દુર્જનો પર કરેલા હિમાલય જેવડા ઉપકારને પણ તેઓ ક્ષણમાત્રમાં ભૂલી જાય છે. અને તેઓ એમ ઇચ્છતા હોય છે કે તેના પર ઉપકાર કરનાર જલ્દી મરી જાય તો સારું જેથી તેના ઉપકારમાંથી પોતે જલ્દી છૂટી જાય. પણ કુદરત પોતાની રીતે કામ કરતી જ હોય છે. ''કુદરતના ઘરે દેર પણ નથી કે અંધેર પણ નથી.''

પોતા પર ઉપકાર કરનારને જોઈને સજ્જનો ખુશખુશાલ થઈ જતા હોય છે, અને તેથી તેમને, તેમના તરફથી પોતાને મળેલી બધી જ સહાયતાના પ્રસંગો યાદ આવી જાય છે. અને તે બધા પ્રસંગોને તે યાદ કરી કરીને ગદ્ગદ્ થઈ જાય છે. આ બધા પ્રસંગોની વાતો તેઓ વિસ્તારથી પોતાના પરિવારને પણ કરે છે અને કહે છે કે અમુક વ્યક્તિએ આપણને આટઆટલી મદદ કરી છે તો તમે સૌ તેમના ઉપકારને કદી ભૂલશો નહિ. દુર્જન તો આવું બધું કરે જ શાનો? તે તો પોતે જ બધા ઉપકારો ભૂલી જવા ઇચ્છતો હોય છે ત્યાં પોતાના પરિવારને તો કહે જ શાનો? જો કહે તો તેનો અહંકાર ઘવાય. એટલે તે તો મિત્રના ઉપકારોને બરોબર દબાવી દેવા માટે ઉપકાર પર અપકાર કરવા જ આતુર હોય છે.

દુર્જનોની આવી ભીષણ ગુસ્તાખી વિષે જે કોઈ જાણે-સાંભળે તે ઊકળી ઊઠે તે સ્વાભાવિક છે. તે બાબતમાં કોઈનો મત એવો પડે કે "આવી ગુસ્તાખી સાંખી લેવાથી તો દુર્જનોને ઉત્તેજન મળશે. તેમને તો શિક્ષા જ થવી જોઈએ, ચૌદમું રતન આપ્યા સિવાય તે લોકો સીધા થાય જ નહિ, ઘણના ઘા પડે તો જ છીણીબાઈ ગાજે. જો આડા લોકો સીધી રીતે સીધા થતા હોય તો સમાજને પોલીસખાતાની જરૂરત પડત જ નહિ. એમના માટે તો "બૂધે ડોબું દોહવા દે અને બૂધે છોકરું છાનું રહે"ની જેમ જ વર્તવું જોઈએ." તો વળી કોઈનો મત એવો પડે કે "એવા પામરોને આપણે શું શિક્ષા કરી શકવાના? તેઓ, અજ્ઞાન અને અહંકારના અભેદ્ય અંધકારમાં અડવડિયાં તો ખાઈ જ રહ્યા છે, ઓછી અને અવળી સમજણરૂપી શિક્ષા તો તેઓ અનાયાસે જ ભોગવી રહ્યા છે. જે દયાને પાત્ર છે તેમને શિક્ષાને પાત્ર કેમ ગણાય? ઈશુખ્રિસ્ત, તેમને વધસ્તંભ પર ચડાવનારાઓ માટે બોલ્યા હતા કે હે પ્રભુ! તેમને સૌને માફ કરજો, કારણ કે તેઓ સૌ શું કરી રહ્યા છે તેનું તેમને ભાન નથી. પોતે ગુસ્તાખી કરી રહ્યા છે તેની જ જેમને ખબર ન હોય, કે તેમને શિક્ષા શા કારણે થઈ રહી છે તેનીએ જેમને સમજણ ન હોય તેવા પામરો તો દયાને જ પાત્ર ગણાય ને? કોઈપણ કારણસર જેમનું લાગણીતંત્ર એટલું બધું બહેરું થઈ ગયું હોય છે કે જેથી લાભહાનિના ભેદને પારખવા જેટલી પણ સમજણ તેમનામાં બચી ન હોય તે દયાપાત્ર જ ગણાય ને?"

આમ બંને પક્ષે જુદા જુદા મત પ્રવર્તતા હોય છે. ક્યારે કયા મતનો અમલ સફળ થશે તે કોણ કહી શકે? દેશ, કાળ અને પરિસ્થિતિ પ્રમાણે બંને પક્ષની માન્યતા મહત્ત્વની ગણાતી હોય છે.